**–:: ફોજદારી કેસ નં.૭૪૩૯૧/૨૦૧૭ના કામે આંક–૧ તળે હુકમ ::–**

(૧) હાલની ફરીયાદ ફરીયાદીએ સને–૨૦૧૭માં દાખલ કરેલ હતી. ત્યારબાદ આરોપી સામે ગુન્હાનું સંજ્ઞાન લઈ પ્રોસેસ કાઢવા હુકમ કરવામાં આવેલ હતો. પરંતુ સને–૨૦૧૭ થી સને–૨૦૨૪ સુધી પુરતી અને વ્યાજબી તક આપેલ હોય તેમ છતાં ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનું પ્રોસેસ બજાવી શકેલ નથી. આમ, રેકર્ડ તપાસતા ફરિયાદીને પુરતો અને વ્યાજબી સમય આપેલ છે તેમ છતાં ફરિયાદી પોતાની જ ફરિયાદની કાર્યવાહી ચલાવી શકેલ નથી. વધુમાં આજરોજ પણ ફરિયાદપક્ષ ધ્વારા આરોપી સામે પ્રોસેસ રી–ઈશ્યુ કરવા કોઈ કાર્યવાહી કરેલ નથી કે, આરોપીનું નવુ અને ખરુ સરનામું રજુ કરેલ નથી. આ સંજોગોમાં હાલનું કામ હજુ વધારે સમય સુધી ચાલું રાખવું ન્યાયોચિત જણાતું નથી. આથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ની કલમ–૨૫૬(૧) અન્વયે હાલની ફરીયાદ ફરીયાદીના કસુરને કારણે ફેંસલ કરવામાં આવે છે અને આરોપીને નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ આખરી હુકમ આજ રોજ અમદાવાદ મુકામે **તારીખઃ–૧૩મી, માહે–નવેમ્બર,સને–૨૦૨**૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**(સમીર રતીલાલ સાંગાણી)**
**૨૪માં એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**અમદાવાદ સીટી**
**(GJ01046)**